નગર સેવા સદન - અંકલેશ્વર

માહિતી (મેળવવાના) અધિકાર અધિનિયમ – ૨૦૦૫ ની

કલમ ૪ અનુસાર અંકલેશ્વર નગરપાલિકાની

માહિતી આપવા અંગે

નિયમ સંગ્રહનું મેન્યુઅલ

<u>સ્થાપના વર્ષ ૧૮૭૨ :</u>

(શ્રી વિનયભાઈ આર. વસાવા)
પ્રમુખશ્રી
અંકલેશ્વર નગરપાલિકા
અંકલેશ્વર

(શ્રીમતી કલ્પનાબેન મેરાઈ)
ઉપપ્રમુખશ્રી
અંકલેશ્વર નગરપાલિકા
અંકલેશ્વર

(શ્રી સંદીપભાઈ બી. પટેલ)
એમ. કોલડિયા)
ચેરમેનશ્રી
અંકલેશ્વર નગરપાલિકા
અંકલેશ્વર

(શ્રી કેશવલાલ

મુખ્ય અધિકારીશ્રી
અંકલેશ્વર નગરપાલિકા
અંકલેશ્વર

નગરપાલિકા એટલે શું?

નગરપાલિકાના કાર્યો, સત્તા અને જવાબદારી વિશે માહિતી

સત્તાનુ વિકેન્દ્રીકરણ કરવાના ભાગરૂપે બંધારણમાં ૭૩મો અને ૭૪મો સુધારો કરી ગ્રામ, તાલુકા, જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકા અને મહાનગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. નાના-નાના કામ માટે પ્રજાને ઉપરી કચેરી સુધી લાંબુ ન થવુ પડે એટલા માટે સત્તાનુ વિભાજન કરી સ્થાનિક લેવલ ઉપર સ્વાયત્ત સંસ્થાઓને સત્તા આપવાની બંધારણીય જોગવાઈ છે. નગરપાલિકાઓ અને પંચાયતો પ્રજાને મહત્તમ સેવાઓ પુરી પાડવા માટે હોય છે પરંતુ નાગરિક તરીકે આપણે કાયદાઓ જાણતા ન હોવાના કારણે આપણી સાથે અન્યાય થાય છે. બોલે ગુજરાત કાયદાકીય જાગૃતિ ફેલાવવાનુ કામ કરે છે જેમા આજે આપણે નગરપાલિકા વિશે જાણવાનો પ્રયાસ કરીશુ.

નગરપાલિકા એટલે શું?

નગરપાલિકા એ શહેરી/ટાઈન વિસ્તાર માટેની લોકોથી, લોકો વડે, લોકો માટે ચાલતી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા છે. નગરપાલિકાને ચોક્કસ હદ હોય છે અને તેમાં રહેતા લોકો તે સ્થાનિક સંચાલનની હદ નીચે આવે છે. નગરપાલિકા દ્વારા મુખ્યત્વે શહેરના વિકાસથી માંડીને લોકોની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવાની કામગીરી કરવામાં આવે છે, બદલામાં નગરપાલિકા લોકો પાસેથી વિવિધ પ્રકારના વેરા ઉઘરાવે છે. વર્ષ ૧૯૯૨માં બંધારણમાં ૭૪મો સુધારો કરી બંધારણમાં નગર પંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકાની જોગવાઈ કરવા ૧૨મો ભાગ ઉમેરવામાં આવ્યો. બંધારણની જોગવાઈ મુજબ ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ મુજબ નગરપાલિકાઓ રચવામાં આવી જેમા ૧૫ હજારથી પાંચ લાખ સુધીની વસ્તી ધરાવતા શહેરને નગરપાલિકા ગણવામાં આવે છે. નગરપાલિકાના સભ્યોની સંખ્યા નવથી લઈને પંદર જેટલી હોય છે. નગરપાલિકાના ચુંટાયેલા સભ્યો કલેક્ટર સમક્ષ સોગંદ લે છે. નગરપાલિકાના ચુંટાયેલા સભ્યો પૈકી એક પ્રમુખ બને છે જે ન.પાના અધ્યક્ષ ગણાય છે.

નગરપાલિકાની ફરજો

૧) નગરપાલિકાની ફરજીયાત ફરજો : નગરપાલિકાના ફરજીયા કાર્યોમાં જાહેર સ્વચ્છતા અને આરોગ્ય, રોડ-રસ્તાની જાળવણી અને મરામ્મતનુ કામ કરવુ, તેમજ રસ્તાઓ બનાવવા, લોકો માટે પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા કરવી, જાહેર સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરવી, પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા, નાગરિક સલામતી અને સંરક્ષણના કાર્યો કરવા, ખાદ્ય ચીજવસ્તુમાં ભેળસેળ અટકાવવી, મરેલા પશુનો નિકાલ કરવો, જન્મ-મરણ અને લગ્નની નોંધણી કરવી, કુદરતી આફતો સામે રક્ષણ કરવુ તેમજ આરોગ્યની વ્યવસ્થા કરવી એ નગરપાલિકાની ફરજીયાત જવાબદારીમાં આવે છે જ્યારે

૨) નગરપાલિકાની મરજીયાત ફરજો : નગરપાલિકાના મરજીયાત કાર્યોમાં રમત-ગમતના મેદાનો બનાવવા, બાગ-બગીચા બનાવવા, જાહેર સ્નાનાગાર, સાર્વજનિક મુતરડીઓ, સાર્વજનિક જાજરૂ, સ્મશાનગૃહ ઉભા કરવા અને નિભાવવા, પુસ્તકાલયો તેમજ વાંચનાલયો બનાવવા, માધ્યમિક શાળાઓ સ્થાપવી, ટાઉનહોલ બનાવવા, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવી, જાહેર પરિવહનની વ્યવસ્થા, શાકમાર્કેટ કે બજારો બનાવવા, મનોરંજનની વ્યવસ્થા સહિત પ્રજાના કલ્યાણકારી કાર્યો કરવા એ મરજીયાત ફરજ છે.

નગરપાલિકાના આવકના સ્રોત શું?

નગરપાલિકાએ પ્રજાની સુખાકારી માટે ફરજીયાત અને મરજીયાત કાર્યો કરવા માટે વિવિધ પ્રકારના વેરાઓમાંથી આવક ઉભી કરે છે જેમાં ૧) પાણીવેરો, ૨) મકાનવેરો, ૩) વાહનવેરો, ૪) મકાન અને જમીન ઉપરના વેરાઓ, ૫)

મનોરંજનકર ૬) દુકાનવેરો ૭) હોટલવેરો ૮) સફાઈવેરો ૯) વિવિધ ધંધા કે વ્યવસાય માટે આપવામાં આવતા લાયસન્સની આવક ૧૦) સંસ્થા કે ટ્રસ્ટના મકાનો/દુકાનો/શાકમાર્કેટ વગેરેના ભાડાની આવક ૧૧) સરકાર તરફથી મળતી વિવિધ ગ્રાન્ટ ૧૨) નગરપાલિકાની પોતાની બચત ઉપર મળતુ વ્યાજ ૧૩) વિશ્વ બેંક જેવી સંસ્થાઓ પાસેથી મળતી આર્થિક સહાય ૧૪) ટાઉનહોલ કે મેદાન વગેરેનુ ભાડુ ૧૫) લગ્ન કે જન્મ/મરણ નોંધણી ફિ ની આવક વગેરે તમામ પ્રકારની આવક હોય છે.

નગરપાલિકાની મુખ્ય સમિતિઓ

૧) કારોબારી સમિતિ : નગરપાલિકાને લગતી વહીવટીય તેમજ નાણાકીય આવક જાવકની બાબતો અંગેની તમામ સત્તાઓ કારોબારી સમિતી પાસે હોય છે. ચુંટાયેલા સભ્યો આ સમિતિના સભ્યો હોય છે. જાહેર વિકાસ અને પ્રજાની સુખાકારીને લગતા કામો અંગે કારોબારી સમિતિ નિર્ણય કરે છે.

૨) પાણી સમિતિ : ચુંટાયેલા એક સભ્ય તેના ચેરમેન હોય છે અને આ સમિતિ એ તમામ રહેણાંક, ઔધોગિક, તેમજ વાણિજ્યિક હેતુ માટે જરૂરીયા પ્રમાણે પાણીની વ્યવસ્થા કરવાની હોય છે. નળ કનેક્શન આપવા, નળ કનેક્શન રદ્ કરવા સહિત વિસ્તારમાં ધાર્મિક સમારંભો, મેળાવડાઓ, ઉત્સવો વગેરેમાં મફત પાણી પુરુ પાડે છે.

૩) ટાઉન પ્લાનિંગ સમિતિ : ટાઉન પ્લાનિંગ સ્કિમ અંગેની કાર્યવાહી કરવી તેમજ કાપત જમીનો, સરકારી જમીનોનો વિકાસ વગેરેને લગતી કામગીરી કરવી.

૪) આરોગ્ય અને સફાઈ સમિતિ : નગરપાલિકા વિસ્તારમાં આરોગ્યની તેમજ સાફસફાઈની સુવિધાઓ માટે આ સમિતિની નિમણુક કરવામાં આવે છે.

૫) આ સિવાય જાહેર બાંધકામ સમિતિ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ લાઈટીંગ સમિતિ, વસુલાત સમિતિ, આકારણી સમિતિ વગેરેની રચના કરવામાં આવે છે.

નગરપાલિકા ચીફ ઓફિસરના કાર્યો

જિલ્લાની નગરપાલિકાઓના વહીવટના સંદર્ભમા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની નિયંત્રણ અંગેની જોગવાઇઓ અનુસંધાને નગરપાલિકાઓ ઉપર વહિવટી નિયંત્રણ રાખવાની કાર્યવાહીઓ જેમાં કલમ ૨૫૭ તળે તપાસ અને ૨૫૮, ૨૫૯ તળે પગલાઓ લેવાનો સમાવેશ થાય છે. તે ઉપરાંત નગરપાલિકાઓમાં સંબધિત કાયદાઓની અમલવારી સરકારશ્રીની નિતિઓ અને કાયદાકીય બાબતોમાં નગરપાલિકાઓને માર્ગદર્શન, નગરપાલિકાઓની વાર્ષિક વહીવટી તપાસ અને ચીફ ઓફિસરના કાર્યો ઉપર દેખરેખ અને નિયત્રણનો પણ સમાવેશ થાય છે. આમ, ડી.એમ.ઓ ઓફિસ જીલ્લાની નગરપાલિકાઓ માટે વહીવટી નિયંત્રક તરીકેની ભુમિકા ભજવે છે.

નગરપાલિકાઓની વાર્ષિક વહીવટી તપાસણી.

નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓની કામગીરી ઉપર દેખરેખ અને નિયત્રણ.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ ૨૫૭ તળે તપાસણી અને દેખરેખ રાખવી.

ગુજરાતનગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૫૮ તથા ટાઉન પ્લાનિંગ એકટની કલમ-૬-બી તળે રીવ્યુ પાત્ર ઠરાવો મોકૂફ કરવા અંગેની કાર્યવાહી કરવી.

ચીફ ઓફિસરશ્રીઓની સર્વિસબુક નિભાવવી, રજાઓ મંજૂર કરવી, ચાર્જની સોંપણી કરવી, તાલિમ પુરી પાડવી, અનિયમિતતાઓ અંગે સ્પષ્ટતા માંગી નિયામકશ્રીને અહેવાલ પાઠવવો.

તકેદારી આયોગના અહેવાલો સરકારશ્રી/ નિયામકશ્રી મોકલવવા બાબત અંગેની કાર્યવાહી કરવી.

નિયામકશ્રી, નગરપાલિકાઓ ગાંધીનગરના આદેશો અને સુચનાઓ મુજબની અન્ય કામગીરી કરવી.

પ્રકરણ ૧ -

૧ -: ઉદ્દેશ અને હેતુ ૨.પ્રત્યેક જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારી ને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સત્તા મંડળોના નિયંત્રણ હેઠળની માહિતી નાગરીકો મેળવી શકે તેવી માહિતીના અધિકારના વ્યવહારુ તંત્રની રચના કરવા માટે ઘડાયેલા – માહિતીના અધિકાર બાબતના અધિનિયમ" ૨૦૦૫) ૪ ની કલમ "ખ ((મેન્યુઅલ) પ્રકાર ના નિયમ સંગ્રહો ૧૭ દિવસમાં ૧૨૦ અનુસાર દરેક જાહેર સત્તાતંત્રે આ અધિનિયમના અમલથી નું સંપાદન અને પ્રકાશન કરવાની જોગવાઈ થયેલ હોઈ અંકલેશ્વર નગરપાલિકા આ નિયમ સંગ્રહો પ્રકાશિત કરે જેનો હેતુ નાગરિકોને અંકલેશ્વર નગરપાલિકાની.છેતમામ નિયત થયેલ સંસ્થાકિય માહિતીઓ વાકેફ કરવાનો છે .

૧.૪ નાગરિકોને તેઓ વેરા ભરે તે સામે અપેક્ષિત નાગરિક સેવાઓ અને તે અંગેની જરૂરી માહિતી મેળવવાનો હક છે.માહિતી એ મોટી શક્તિ છે.માહિતીનો એક અર્થ છે'વિગત' અને બીજો અર્થ છે 'જ્ઞાન' પ્રથમ કરતા બીજો અર્થ વધારે સર્વગગ્રાહી છે.અહિ બંને અર્થ ને ધ્યાનમાં લઇને નાગરિકો માટે તેમના માહિતી પ્રાપ્ત કરવાના અધિકારનું પૂરેપૂરું જતન થાય એ આપની સહિયારી જવાબદારી છે. આ પુસ્તકમાં માહિતી ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ માં ઘડવામાં આવ્યા છે.જે અન્વયે અધિનિયમોમાં દર્શાવ્યા અનુસાર ૧૭ નિયમ સંગ્રહ મુજબ અંકલેશ્વર નગરપાલિકાની માળખાકીય માહિતીઓ નો સમાવેશ થાય છે.

૧.૫ આ પુસ્તિકાનું સંપાદન સ્વયંસ્પષ્ટ હોઈ વ્યાખ્યાઓની જરૂરિયાત રહેતી નથી.આ પુસ્તકમાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહિતી મેળવા માંગતા નાગરિકો અંકલેશ્વર નગરપાલિકાના જાહેર માહિતી અધિકારી તે ચીફઓફિસર અંકલેશ્વર નગરપાલિકાનો સંપર્ક કરી શકશે.આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તેવી અંકલેશ્વર નગરપાલિકાને લગતી કોઈ પણ માહિતી મેળવવા નિયત ફોર્મમાં નિયત ફી ભરી ને નગરપાલિકાની જાહેર માહિતી અધિકારીને અરજી કરી શકશે.

૧.૬ આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહિતી મેળવવા માંગતા નાગરિકો અંકલેશ્વર નગરપાલિકાના જાહેર મહિતી અધિકારી,ચીફઓફિસર,અંકલેશ્વર નગરપાલિકાને સંપર્ક કરી શકશે.

૧.૭ આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તેવી અંકલેશ્વર નગરપાલિકાને લગતીકોઈ પણ માહિતી મેળવવા નિયત ફોર્મમાં નિયત ફી ભરીને નગરપાલિકા ના જાહેર માહિતી અધિકારીને અરજી કરી શકશે.

પ્રકરણ – ૨

નિયંત્રણ સંગ્રહ – ૧

૨.૧ અંકલેશ્વર નગરપાલિકા નો ઉદ્દેશ અને હેતુ :-

અંકલેશ્વર નગરપાલિકાના વિસ્તારમાં રહેતા તમામ નાગરિકોને લાઈટ,પાણી,ગટર સફાઈ વરસાદી પાણીના નિકાલ પ્રાથમિક આરોગ્ય પ્રાથમિક શિક્ષણ ,અગ્નિશમન જેવી મુળભુત અને અગ્રીમ આવશ્યક સેવા પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે. તથા નાગરિકની સુવિધા વધે અને નાગરિકોનું જીવન ધોરણ ઉંચુ આવે તેવો નગરનો સમુચિત વિકાસ કરવાનો હેતુ છે.સ્થાનિક લોકો ધ્વારા તેમના વિસ્તારના ચુટાયેલા પ્રતિનિધિઓ નગરની સ્થાનિક પરિસ્થિતિ અને મુશ્કેલીઓથી સારી રીતે માહિતીગાર હોય છે વળી સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે સ્થાનિક કક્ષાએથી થઇ શકે એ હેતુસર નગરપાલિકાની રચના કરવામાં આવી છે.

૨.૨ નગરપાલિકા ના તંત્રની ફરજો,મુખ્ય પ્રવૃત્તિઓ અને કાર્યો :-

નગરપાલિકા એ કરવાના કાર્યો ત્રણ પ્રકારના છે.

૧) ફરજીયાત

૨) મરજીયાત અને

૩) રાજ્ય સરકારે સોંપેલા કાર્યો

૧. ફરજીયાત કાર્યો:-

ગુજરાત નગરપાલિકા કલમ ૭૮ હેઠળ નગરપાલિકાની ફરજો તથા કલમ – ૯૧ હેઠળ નગરપાલિકાએ હાથ ધરવાપત્ર કાર્ય નિશ્ચિત કરવામાં આવ્યા છે.

(૧) જાહેર બાંધકામના ક્ષેત્રે

૧. નગરની હદની અંદર રસ્તા બનાવવા,રસ્તાઓના નામ પાડવા તથા જગ્યાઓના ક્રમાંક આપવા.

૨. નગરની હદમાં આગ,પુર,ધરતીકંપ,રેલ કે કુદરતી આફત કે વાવાઝોડામાં નિરાધાર થયેલા લોકોને તાત્કાલિક રાહત આપવા તથા જરૂરી મદદ પહોંચાડવી.

(૨) શિક્ષણના ક્ષેત્રે:-

૧. પ્રાથમિક શાળાઓ સ્થાપવી તથા નિભાવણી કરવાની.

(૩) જાહેર આરોગ્ય અને આરોગ્ય રક્ષણ ક્ષેત્રે:-

૧.અહિતકાર અથવા જોખમકારક ધંધાઓ અથવા કામોનું નિયમન કરવા બાબત અથવા તે ઓછા કરવા બાબત.

૨. જોખમકારક ઈમારતો અથવા જગ્યાઓ સુરક્ષિત કરવા અથવા કાઢી નાખવા બાબત અને આરોગ્યને હાનિ કરે એવા લત્તાઓ સુધારવા બાબત.

૩. વર્તમાન પાણીનો પુરવઠો અપૂરતો અથવા રોગકારક હોવા ને લીધે રહેવાસીઓના આરોગ્યને જતું જોખમ અટકાવવા માટે યોગ્ય અને પુરતો પાણી નો પુરવઠો અથવા વધારેનો પુરવઠો જયારે વાજબી ખર્ચે મળી શકે એમ હોય ત્યારે તે મેળવવા બાબત.

૪. ભયંકર રોગ વખતે માંદા માણસોને ખાસ તબીબી મદદ અને રહેવાની સગવડ પુરી પાડવા બાબત અને આવો રોગ ફાટી નીકળતો અટકાવવા માટે અથવા તે રોગને દાબી દેવા માટે તથા તે ફરી ન થાય તે માટે જરૂર હોય તેવા પગલા લેવા બાબત.

૫. મડદાનો નિકાલ કરવા માટેની જગ્યાઓ સંપાદન કરવા તથા નિભાવવા,બદલવા અને તેમનું નિયમન કરવા બાબત અને નધણીયાંતાં મડદા અને મૃત્યું પામેલા પશુઓના સબોની વ્યવસ્થા કરવા બાબત.

૬ સાર્વજનિક જાજરૂઓ અને મુતરડીઓ બાંધવાતેમાં ફેરફાર કરવા અને તે નિભાવવા બાબત.

૨.૩ વિકાસના ક્ષેત્રે:-

૧. સાર્વજનિક રસ્તાઓ,ગરનાળા,નગરપાલિકાના હદ નિશાનો, બજારો,કતલખાના ,પાયખાના ,નીકો ,ગટરો , પાણીના નિકાલ માટેના કામો , સ્નાન ગૃહો ,ધોવાની જગ્યાઓ , પાણી પીવાના કુવારાઓ , તળાવો , કુવાઓ , બંધો અને તેવા બીજા કામો બાંધવા તેમાં ફેરફાર કરવા અને તે નિભાવવા.

૨. રાજ્ય સરકારના સામાન્ય અથવા ખાસ હુકમ ધ્વારા જરૂરી હોય તેવા નગરના નગરપાલિકાના વહીવટનો રિપોર્ટ તથા વાર્ષિક હિસાબ છપાવવા.

૩. આ અધિનિયમના હેતુઓ માટે અથવા નગરપાલિકાની કોઈ મિલકતના રક્ષણ માટે નગરપાલિકાને જોઈતા હોય તેવા પોલીસ અથવા રક્ષકો બદલ વેતન તથા નૈમિતિક ખર્ચ આપવા.

૨.૪ નગર આયોજનના ક્ષેત્રે :-

નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ને આધીન રહીને નગર હદની અંદર કાયદા અનુસાર આયોજન કરવા.

૨.૫ વહીવટો ક્ષેત્રે:-

૧. સાર્વજનિક રસ્તાઓ, જગ્યાઓ અને ઈમારતો તથા સ્ટ્રીટ લાઈટોની વ્યવસ્થા કરવી.

૨. આગ હોલવવા તથા આગ લાગે ત્યારે જીંદગી તથા મિલકતોનું રક્ષણ કરવું.

૩. સાર્વજનિક રસ્તાઓ અથવા જગાઓમાંથી તથા ખાનગી મિલકત ન હોય.

૨.૬ નગરપાલિકાના કાર્યો નું વર્ગીકરણ

નગરપાલિકા ધ્વારા કરવામાં આવતા કાર્યોનું વર્ગીકરણ નીચે મુજબ થઇ શકે.

૧ : સામાન્ય વહીવટ:-

૧. માહિતી અને પ્રચાર	૨. દફતર ની જાળવણી
૩. ઘર નંબર આપવા	૪. જન્મ-મરણની નોંધણી
૫. અગત્યની આંકડાકીય માહિતીની નોંધણી	

૨ : મુખ્ય ફરજો:-

૧. પાણી નો પુરવઠો	૨. ગટર વ્યવસ્થા
૩. સફાઈની જાળવણી અને ઘન કચરાની વ્યવસ્થા	૪. જાહેર દીવાબત્તી
૫. અગ્નિશામક સેવાઓ	૬. નગર આયોજન

૩ : વિકાસના કામો :-

૧. જાહેર આરોગ્ય , ૨.શિક્ષણ , ૩. ગંદા વસવાટ ની સુધારણા ,૪.જમીનના ઉપયોગ બાબતના અને બાંધકામને લગતા નિયંત્રણો , ૫. સ્મશાન ગૃહ, વિદ્યુત સ્મશાન ગૃહ અને કબ્રસ્તાન, ૬. પાર્કીંગની સુવિધા, બસ સ્ટોપ અને જાહેર શૌચાલયોની વ્યવસ્થા, ૭. બાગબગીચા, ૨મતગમતના મેદાનો જેવી સુવિધાઓ.

૪ : જાળવણીના કાર્યો :-

૧. સ્વચ્છતાની જાળવણી અને ઘન કચરાનો નિકાલ, ૨. રસ્તા અનેપુલો.

વિશેષ:-

જે કાર્યો માટે નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ધ્વારા નિયત ધોરણે અને શરતોને આધીન રહીને મનોરંજન કર ની ગ્રાન્ટ મળે છે. તેવા કામો હાથ ધરવા માટે નીચે દર્શાવ્યા મુજબનોઅગ્રતાક્રમ માર્ગદર્શક સૂચનાઓમાં નક્કી થયેલ છે.

૧) પાણીના પુરવઠાને લગતા કામો:-

જેવાકે પીવાના પાણીની પાઈપ લાઈન/ સ્ટેન્ડ પોસ્ટ / પાણીની ટાંકી / ટ્યુબવેલ / વોટર વર્કસ / સબમર્શીબલ પંપ તથા પાણી , માટેની ઇલેક્ટ્રિક મોટરની ખરીદી / પીવાના પાણીની પાઈપ લાઈનો બદલવી તેમજ પાણી પુરવઠાને પહોંચાડવા માટેના સાધનો જેવા કે ટ્રેક્ટર , ટેન્કર વિગેરે ખરીદવા માટે.

૨) ગંદા પાણી ના નિકાલ માટેના કામો :-

જેવા કે ગટર લાઈનના કામો/ ચોમાસુ પાણીના નિકાલ માટેના કામો / ગટર લાઈન બદલાવવાના કામો વિગેરે.

૩) જાહેર આરોગ્યને લગતા કામો :-

જેવાકે જાહેર શૌચાલય / જાહેર પેશાબખાના / બાથરૂમ / ચોકડી / ન્હાવા-ધોવાના ઘાટ / કચરા પેટી મુકવી / કચરો તથા ગંદા પાણી ના નિકાલ માટેના સાધનો વિગેરે.

૪) જાહેર રસ્તાના કામો :-

જેવા કે કાચા રસ્તા બનાવવા ના કામો / પાકા રસ્તા બનાવવા ના કામો / સ્ટોન પેવિંગ ના કામો/ રસ્તાને રિસફેસીંગ તથા અદ્યતન કરવાના કામો વિગેરે.

૫) જાહેર દીવાબત્તીના કામો:-

૬)શાળાના મકાનો બાંધવા માટેના કામો:-

જેવા કે પ્રાથમિક શાળાના ઓરડાઓ / બાલવાડીના ઓરડાઓ / માધ્યમિક શાળાના ઓરડાઓ વિગેરે.

૭) સ્મશાન ગૃહો બનાવવા માટે તથા સુધારણા માટે / સ્મશાન ભઠ્ઠીઓ નાંખવા માટે વિગેરે.

૮) અગ્નિશામક સાધનો ખરીદવા માટે.

૯) વાંચનલયો બાંધકામ માટેનું કામ,ઈત્યાદી.

૧૦) આ ઉપરાંત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ ના અધિયકશ્રીની ખાસ મંજુરીને આધીન રહીને નગરપાલિકા/ નગર પંચાયતના કિસ્સામાં ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ હેઠળ સ્થાનિક સંસ્થાઓએ બજાવવાની ફરજોને લગતા કોઈપણ મૂડી પ્રકારના કામો તથા જાહેર હિતની યોગ્યતા માટેના કામો પણ લઇ શકાશે.પરંતુ તે માટે સ્થાનિક સંસ્થાએ તેના જનરલ બોર્ડનો અથવા વહીવટદારશ્રીની મંજુરી નો ઠરાવ કરવાનો રહેશે.

૨.૭ જાહેર તંત્ર ધ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી:-

૧) અગ્નિશામક સેવા

૨) એમ્બ્યુલન્સ

૩) સફાઈ સેવા

૪) રસ્તા રીપેરીંગ

૫) શુદ્ધ પાણીની સેવા

૬) જાહેર રેકર્ડની નકલ મેળવવાની સેવા

૭) વરસાદી પાણી નિકાલની સેવા

૮) જાહેર દીવાબત્તી

૯) જન્મ-મરણ ની નોંધણી

૧૦) પ્રાથમિક આરોગ્ય (મેટરનીટી હોમ)

૧૧) પ્રાથમિક શિક્ષણ

૧૨) ડોર ટુ ડોર કલેક્શન

૧૩) વેક્યુમની સેવા

૧૪) શબ વાહિનીની સેવા

૧૫) ઘન કચરાનો નિકાલ

૧૬) પે એન્ડ યુઝ ટોયલેટ

જેમાં સામાન્ય દરથી લોકોને ન્હાવાની સુવિધા પુરી પાડે છે.

૧૭) પર્યાવરણલક્ષી બાગ-બગીચાની સેવા

૧૮) મનોરંજન રમતગમત સેવા

૧૯) સમાજ કલ્યાણ પ્રવૃત્તિ

૨.૮ જાહેર તંત્ર રાજ્ય નિયામકની કચેરી બ્લોક સ્તરે સંસ્થાગત માળખાનો આલેખ

૧. અંકલેશ્વર નગરપાલિકા નીચે મુજબ સંસ્થાના માળખામાં રહી ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઈઓનો અમલ કરે છે.

૧.જિલ્લા સ્તરે:-

કલેકટર શ્રી,

કલેકટર કચેરી,ભરૂચ ,બહુમાળી બિલ્ડીંગ,ભરૂચ .ટે.નં.૦૨૬૪૨-૨૪૦૬૦૦

૨.પ્રાદેશિક કચેરી :-

પ્રાદેશિક કમીશ્નરશ્રી ની કચેરી (સુરત ઝોન)

સુડા ભવન,ચોથો માળ,

આગમ આર્કેડ ની સામે,

વેસુ,

અભ્વા રોડ,

વેસુ,સુરત - ૩૯૫૦૦૭

૩..રાજ્ય સ્તરે:-

સચિવશ્રી,

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બ્લોક નં.૧૪,નવમાં માળે નવા સચિવાલય, ગાંધી નગર .ટે.નં.૦૭૯-૨૩૨૫૧૦૩૩

૨.૯ જાહેર તંત્રને અસર કરતા અને કાર્યક્ષમતા વધારવા માટે લોકો પાસેથી અપેક્ષાઓ:-

૧. નગરપાલિકા ધ્વારા પુરી પડાતી સેવાઓ અસરકારક અને કાર્યક્ષમ રીતે ચલાવી શકાય તે અર્થે નાગરિકો નગરપાલિકાના તમામ કરવેરા નિયમિત રીતે અચૂક જમા કરાવે.

૨. કેટલાક અરજદારો પણ બિન જરૂરી રીતે કચેરીઓમાં કે નગરપાલિકામાં આવીને જે તે શાખા કે ટેબલો પર આંટાફેરા કરીને કર્મચારીઓના કામમાં વિક્ષેપ પાડતા હોય છે.વળી લેવડ-દેવડની બદીને પ્રોત્સાહન મળે છે જે ટાળવું.

સરકાર પ્રજાજનોને સારામાં સારી નાગરિક સેવાઓપુરી પાડવા તત્પર છે. અને તંત્રને વધુ વ્યવસ્થિત , કાર્યક્ષમ અને પારદર્શક બનાવવા પ્રયત્નો કરે છે, કારણકે સરકારને માટે આ એક ચિંતાનો વિષય છે. વહીવટી તંત્રમાં લોકોનો વિશ્વાસ વધુ દૃઢ બને અને લોકોની અપેક્ષાઓ સંતોષાય અને તેમની માંગણીઓ અંગે ટૂંકા ગાળામાં ઝડપી નિર્ણયો લઇ શકાય અને કાર્ય પધ્ધતિઓ વધુ સરળ બને અને લોકોની ફરિયાદો અંગે માનવીય વલણ અપનાવી સહાનુભુતિ પૂર્વક ધ્યાન અપનાવી જરૂરિયાત ઉપર સરકાર ધ્વારા પ્રયત્નો કરવામાં આવે છે, છતાં તેની અસરકારતા ઉભી નથી.

૩. શહેર સ્વચ્છ અને સ્વસ્થ રાખવા નાગરિકો ઘન કચરાનો ઉત્પતિ સ્થળે જ સંગ્રહ કરે, જાહેર માર્ગો ઉપર છુટ્ટો ન નાખે તથા નગરપાલિકા ધ્વારા મુકાયેલા બંધ બોડીના કન્ટેનરમાં જ તેનો નિકાલ કરે.

૪. શહેરને હરિયાળું બનાવવા સામાજિક બૃહદ વનીકરણ ઝુંબેશમાં નાગરિકો પોતાનું સક્રિય યોગદાન આપે.

૫. નગરપાલિકાની તમામ સેવાઓના નાગરિકો વિવેકપૂર્ણ રીતે સંયમિત રીતે ઉપયોગ કરે.

૬. નાગરિકો પોતાની તમામ પ્રકારની ફરિયાદો, સૂચનાઓ, રજુઆતો, માંગણીઓ નગરપાલિકા કચેરીમાં આવેલા જન સેવા કેન્દ્રમાં જ આપવાનો આગ્રહ રાખે.

૭.નાગરિકો નગરપાલિકાને તેના કાર્યો અને ફરજો બજાવવામાં પુરતો સહયોગ આપે.

૮. નાગરિકો પોતાની માલિકીની જગ્યા સિવાયની કોઈપણ જમીન કે જાહેર માર્ગો ઉપર ગેરકાયદેસર દબાણ ઉભુ ન કરે.

૯. નાગરિકો ટ્રાફિક અને પાર્કિંગ ના નિયમોનો ચુસ્તપણે અમલ કરે.

૧૦.જન્મ-મરણની નોંધ અચૂક કરાવે.

૧૧. નગરપાલિકાની જાહેર મિલકતને નુકશાન ન થાય તેવી કોઈપણ પ્રવૃત્તિ કરવી નહિ કે કરાવવી નહિ. તથા કરનાર ને અટકાવવા.

૧૨. પાણીનો કરકસરથી ઉપયોગ કરવો,અને પાણીનો બગાડ કરવો નહિ.

૧૩. ગમે ત્યાં કે રસ્તા ઉપર એંઠવાડ કે કચરા કે પ્લાસ્ટિકની થેલીઓ ફેંકવી નહિ.

૧૪. નગર સ્વચ્છ રાખવા નગરપાલિકાને પુરેપુરો સહકાર આપી મદદરૂપ થવું.

૧૫. જાહેર શૌચાલય , જાજરૂ , મુતરડીનો ઉપયોગ સવ્ચ્છતાજળવાય તે રીતે કરવો.

૨.૧૦ લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણ અને પદ્ધતિઓ:-

અંકલેશ્વર નગરપાલિકાએ શહેરના વિવિધ કાર્યોમાં નાગરિકોનો સહયોગ મેળવવા અર્થે નગરપાલિકા કચેરીમાં અલાયદા 'લોકભાગીદારી સેલ' ની મુખ્ય અધિકારીના વડપણ નીચે રચના કરી છે. તથા શહેરની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓનો સહયોગ મેળવવા અર્થે શહેરની તમામ સંસ્થાના મુખ્ય પદાઅધિકારીઓનો સમાવેશ કરીને 'સીટીઝન ફોરમ' ની સ્થાપના કરી છે. જે આવી તમામ સંસ્થાઓ અને નાગરિકોને નગરના વિવિધ કાર્યોમાં સહયોગ પ્રદાન કરવા કરવા માટેનું પ્લેટ ફોર્મ અને માળખું પુરૂ પાડે છે.

૨.૧૧ સેવાના દેખરેખ ,નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્ર:-

નાગરીકો જે તે ફરીયાદોની નોંધણી માટે અંકલેશ્વર નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રીની ઓફીસ પાસે ખાસ ઉભા કરાયેલા જનસેવા કેન્દ્રના ફરિયાદ કક્ષનો ઉપયોગ કરી શકે છે. નાગરિકો જે વિભાગની ફરિયાદો માટે જે તે વિભાગના વડા અધિકારીને સૂચિત સમયે રૂબરૂ મળીને રજૂઆત કરી શકે છે.

નાગરિકો અંકલેશ્વર નગરપાલિકાના અર્થે ખાસ ફાળવાયેલા ટેલીફોન નંબર – ૨૪૩૫૨૫ ઉપર ટેલીફોન ધ્વારા ફરિયાદ

ટોલ ફ્રી મો.નંબર : 9099918923

અને WIFI સીસ્ટમ રાખવામાં આવેલ છે.

– રજુઆતની નોંધણી કરવી શકે છે.

નાગરિકો રોજ બપોરે ૧૨-૦૦ થી ૨-૦૦ દરમ્યાન મુખ્ય અધિકારીને રૂબરૂ મળીને ફરિયાદ કે રજુઆત કરી શકે છે.

૨.૧૨ અંકલેશ્વર નગરપાલિકા કચેરી શરૂ થવાનો સમય :- સવારે ૧૦:૩૦

રીસેસનો સમય :- બપોરે ૨.૦૦ થી ૨.૩૦

કચેરી બંધ થવાનો સમય :- સાંજે ૬.૧૦

પ્રકરણ-૩

નગરપાલિકાની સત્તા:-

નગરપાલિકા એ કાયદાની સંસ્થાપિત સ્થાનિક સ્વરાજની સંસ્થા છે. નગરજનોએ ચૂંટેલા પ્રતિનિધિઓ મારફતે લોકોની સુખસુવિધા અને આરોગ્યની જાળવણી તેમજ પાયાની સગવડો આપવા માટે કાર્યરત રહેવાની ફરજ અને જવાબદારી આ સંસ્થા ને સોપાઈ છે. સંસ્થા પોતાની આ ફરજ અને જવાબદારી યોગ્ય રીતે નિભાવી શકે એ માટે કાયદાથી તેને જરૂરી સત્તાઓ પીએન આપવામાં આવી છે. નગરપાલિકા આ સત્તાઓ પોતાના જનરલ બોર્ડ, સમિતિઓ,હોદ્દેદારો અને મુખ્ય અધિકારી મારફતે ભોગવીને વહીવટી ચલાવે છે.આવી કેટલીક મહત્વની સત્તાઓ વિગતો નીચે દર્શાવી છે.

૧ : અધિકારી / નોકરીની નિંમણૂક અને તેમનું નિયંત્રણ:-

૧. અગાઉ નગરપાલિકાઓ પોતે આ અધિકારીની નિંમણૂક કરી શકતી હતી પરંતુ મુખ્ય અધિકારીની કોમનકેડર અમલમાં આવતા, હવે રાજ્ય સરકાર આ અધિકારીની નિંમણૂક કરે તેવી જોગવાઈ થઈ છે.

હવે ઠરાવ કરીને તેમની બદલી કરાવવાની સત્તા નગરપાલિકાના સભ્યોની ઓછામાં ઓછી બે તૃતિયાંશ સંખ્યા જેટલી બહુમતી મુખ્ય અધિકારીની બદલી કરવવાનો ઠરાવ કરે તો રાજ્ય સરકાર તેની બદલી કરવી જોઇશે (કલમ ૪૭ (૧-ખ)

૨. નગરપાલિકા, નીચેના અધિકારીની જગ્યાઓ ઉપસ્થિત ફ શકશે. અને તેમની નિંમણૂક કરવાની સત્તા પણ નગરપાલિકામાં નિહિત થશે. (હવે દરેક નગરપાલિકા માટે કર્મચારીઓની જગ્યાઓ માટેના માપદંડ નિયત થયા છે.) (૧) ઇજનેર (૨) વોટર વર્કસ ઇજનેર (૩) આરોગ્ય અધિકારી (૪) ઓડિટર (૫) શિક્ષણાધિકારી અને રાજ્ય સરકાર મુકરર કરે તેવા બીજા કોઈપણ અધિકારી (કલમ ૪૭(૨) અને ૪૭(૪)

૩. ઉપરોક્ત અધિકારીઓ સિવાયના બીજા અધિકારીઓ અને કર્મચારીઓની જગ્યાઓ નગરપાલિકા નિયામકની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત ફ શકશે. આવી જગ્યાઓ ઉપર નિંમણૂક કરવાની સત્તા નગરપાલિકા અથવા કલમ ૨૭૧ નીચે થયેલા નિયમો હેઠળ જે સત્તાધારી સક્ષમ હોય તેને રહેશે.

મુખ્ય અધિકારીઓની ફરજો:-

ક્રમ	વિગત	અધિનિયમની કલમ	જનતાના પ્રતિનિધિઓની સહભાગીતા માટે થયેલ જોગવાઈ
૧)	મુખ્ય અધિકારીની સત્તાઓ અને ફરજો	૪૯(૧)(ક) તેમજ ૨૭૧(ધ) હેઠળના નિયમોમાં દર્શાવેલ	મુખ્ય અધિકારી પ્રમુખના નિયંત્રણનું માર્ગદર્શન અને દેખરેખને આધીન રહીને પોતાની તમામ સત્તાઓ વાપરશે અને ફરજો બજાવશે.
૨)	કાર્યોના અમલીકરણ અર્થે લેખિત કરારો કરવા બાબત.	૬૬(૨)	બે સભ્યો હાજર હોય તે સિવાય ન.પા.નું સામાન્ય સીલ કોલ કરાર અથવા બીજા લેખ ઉપર મારી શકાતુ નથી. તેઓની હાજરી બદલ આવા કરાર લેખે ઉપર તેઓની સહી મેળવવાની રહે છે
૩)	કાર્યોની ટેન્ડરો મંજૂર કરવા બાબત.	૬૭(૨)	આવેલા ટેન્ડરો પૈકી જે ટેન્ડરો બધા સંજોગો ધ્યાનમાં લેતા મુખ્ય અધિકારીને સૌથી ફાયદાકારક લાગે તેને કારોબારી સમિતિની મંજૂરી લઈને મંજૂર કરી શકશે.
૪)	નગરપાલિકા ની લેણી રકમોની વસૂલાત માટે સખ્તાઈનાં પગલાં	૧૩૩(૧-૧)	ન.પા ની લેણી રકમોની વસૂલાત માટે મુખ્ય અધિકારીએ પ્રમુખની સાથે વિચાર વિનિમય કરીને જે તે કસૂર કરનાર ની જંગમ કે સ્થાવર મિલકત ટાંચ કે જપ્તીમાં લઈ વેચીને વસૂલાત કરી શકશે.

સેક્રેટરીની ફરજો:-

(૧) નગરપાલિકાનાં સેક્રેટરી અન્ય કોઈ વ્યક્તિની ખાસ નિમણૂક કરવામાં ન આવે તો સમિતિઓના સેક્રેટરી તરીકે પણ કામ કરશે.

(૨)સેક્રેટરી અનિવાર્ય કારણ ન હોય તો નગરપાલિકાની તમામ બેઠકોમાં હાજરી આપશે. નગરપાલિકાની કાર્યવાહીની કાર્યનોંધ રાખશે.કાર્યનોંધ છપાવશે અથવા સાઈક્લોસ્ટાઈલ કરાવશે અને જેમ બને તેમ જલ્દી તેની નકલ નગરપાલિકાના દરેક સભ્યને મોકલશે.

(૩)સમિતિઓની તમામ બેઠકોમાં જે તે હાજરી આપશે અને સમિતિ જેની વિચારણા કરવાની હોય તે બાબતોને લગતા બધા કાગળો તેની સમક્ષ રજૂ કરશે.

(૪)પ્રમુખની સૂચના પ્રમાણે નગરપાલિકાની બેઠકોની કાર્યવાહી તૈયારી કરશે અને પોતાની સહીથી તે પ્રસિદ્ધ કરાવશે.

(૫) મુખ્ય અધિકારીના હુકમને આધીન રહીને અને તેમના હુકમ હેઠળ આરોગ્ય ખાતા તથા જાહેર બાંધકામ ખાતા સિવાયના તમામ ખાતાને કચેરી કામગીરી ઉપર દેખરેખ રાખશે.

(૬)સરકારી વર્ષ પૂરું થયા પછી જેમ બને તેમ જલ્દી તે નગરપાલિકાની કાર્યવાહીઓની વિસ્તરણ છંડેક્ષ તૈયાર કરાવશે.

(૭)નગરપાલિકાનો વાર્ષિક વહીવટી રિપોર્ટ તે તૈયાર કરાવી છપાવશે.

(૮)નગરપાલિકાનો ગ્રંથાલયોનો હવાલો તે ધરાવશે.

(૯)સામન્ય રીતે મુખ્ય અધિકારી સામાન્ય અથવા ખાસ હુકમથી તેને તેવી ફરજો તે બજાવશે.

હિસાબનિશની ફરજો:-

(૧)હિસાબનીશ હિસાબી ખાતાના વડા રહેશે.

(૨)તે હિસાબ કચેરીના મહેકમના ઉપરી અધિકારી રહેશે.

(૩)નગરપાલિકાને લગતા તમામ હિસાબો નિયમિત રીતે લખાયેલા અને અધતમ રાખવાનાં રહેશે.

(૪)આવક જાવક વર્ગીકરણ નિભાવશે.

(૫)રોકડ મેળમાં આવક જાવકનું ખર્ચાની વિગતો દર્શાવશે તેમજ બેન્ક કે તિજોરીમાંથી ઉપાડ કરેલ દરેક રકમ ચેક નંબર અને તારીખ સાથે ઉધાર બાજુએ જણાવશે.

(૬)પ્રમુખ અને મુખ્ય અધિકારી ઠરાવેલ તેવા વધારાના હિસાબો રાખશે.દર વર્ષ ૩૧મી માર્ચ પછી બને તેટલું જલ્દી હિસાબોનું વાર્ષિક તારીજ તૈયાર ફ નગરપાલિકા ની સક્ષમ આગામી બેઠકોમાં રજૂ કરશે અંદાજપત્ર તૈયાર કરશે.

ઓડીટરની સત્તા અને ફરજો:-

(૧) નગરપાલિકા આવક અને ખર્ચ ઉપર સમવતી દેખરેખ રાખવી.

(૨)પોતે ખાતરી કરવી કે, (૧) નગરપાલિકાના મંજૂર થયેલા અંદાજપત્રમાંથી જોગવાઈઓથી તમામ ખર્ચ આવરી લેવાનું છે.(૨)યોગ્ય મંજૂરીના વિના કઈ કશું ખર્ચ કરવામાં આવ્યું નથી.(૩)નગરપાલિકાની લેણી થતી અને તેને મળેલી તમામ રકામોનો હિસાબ વિના વિલંબે લખાયેલ છે અને (૪) તમામ આવક તથા જાવકનું સાચી રીતે વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

(૩)ચુકવણી તથા હંગામી મહેકમ માટેના તમામ પગાર બીલો અને નિયત સહાયક ગ્રાન્ટ માટેના તમામ બીલો તપાસવામાં અને મંજૂર થયેલ ખર્ચ જ ચૂકવાય તે જોવું.

(૪)ખરીદેલા ચીજ વસ્તુઓ માટેના તમામ બીલો તપાસવા અને ચીજ વસ્તુઓ મળે રહે એવિ યોગ્ય પહોચ છે એ જોવું અને આવશ્યક હોય ત્યારે ડેડ સ્ટોક રજીસ્ટરમાં તેની નોંધ કરાવવી.

(૫)મૂળ કામો નાના પ્રકારના સમારકામો અને અન્ય ખર્ચ માટેના તમામ બીલો તપાસવા અને તે માટે યોગ્ય પ્રમાણપત્રો રજૂ કરાય છે તે જોવું.

(૬)ચૂકવાયેલ રકમો માટેની તમામ પહોંચો તપાસવી દરેક ચુકવણી માટે યોગ્ય વાઉચર અપાયું છે તે જોવું અને પોતે તપાસેલા દરેક કેશ વાઉચર ઉપર ટૂંકી સહી કરવી.

(૭) નગરપાલિકાની આવકને લગતું કામ કરતાં તમામ ખાતા અને શાખાઓનાં રજીસ્ટરો ચોપડા હિસાબી ચલણો વગેરેનું સંપૂર્ણ ઓડિટ કરવું.

(૮)સ્ટોર ડિપાર્ટમેંટમાં સ્ટોરની સિલક અને તમામ ખાતાના ડેડ સ્ટોકની વર્ષ એકવાર તપાસ કરવી.

(૯)સરકારી ઓડીટરોની ઓડિટ નોટ તથા વાંધા અંગેની નિવેદનોમાં બહાર લાગવામાં આવેલી અનિયમિતતાઓને વિના વિલંબે દૂર કરવામાં આવી છે. અને ભવિષ્યમાં બનશે નહિ તેની ખાતરી માટે તાત્કાલિક પગલાં લઈ તે અંગે તજવીજ કરવી.

(૧૦)અપ્રમાણિકતા ભૂલ કે અનિયમિતતાને કારણે નગરપાલિકાને ખોટ કે નુકશાન ન થાય એ જોવા તમામ પગલાં અને ઉપાયો લેવા.

<u>આરોગ્ય અધિકારીની ફરજો:-</u>

(૧) સ્વચ્છતા અને જાહેર આરોગ્યને લગતી તમામ બાબતો માટે આરોગ્ય અધિકારી નગરપાલિકાનાં સલાહકાર રહેશે અને સેનેટરી સમિતિ અને પ્રમુખ અને મુખ્ય અધિકારીનાં નિયંત્રણને આધીન રહીને તેઓ સેનેટરી ખાતાના કાર્યકારી વડા રહેશે અને તેઓ સદરહુ ખાતાના દેખરેખ અને નિયંત્રણ રાખશે.

(૨)મ્યુનિસિપલ વિસ્તારની સંપૂર્ણ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે સેઇ., સબ.ઈન્સ્પે. મુકાદમ કાર્યક્ષમ અને નિયમિત કામગીરી બજાવે તે જોવું.

(૩)ત્રાસદાયક કૃત્ય બંધ કરાવવા.

(૪)મ્યુનિસિપલ વિસ્તારનાં આરોગ્ય વિષે દેખભાળ રાખવી મુદ્દતે મુદ્દતે રિપોર્ટ સાદર કરવો.

(૫)રોગચારો અટકાવવા અને નાબૂદ કરવા માટે ત્વરિત પગલાં લેવા.

(૬)જાહેર કતલખાના ઉપર દેખરેખ રાખવી અને તે અંગેની સંખ્યાની કામગીરી ઉપર નિયંત્રણ રાખવું.

(૭)મ્યુનિસિપલ હદમાં અપથ્ય ખોરાક તથા પીણાંનું વેચાણ અટકાવવા તમામ આવશ્યક પગલાં લેવા.

(૪)જન્મ-મરણ આંકડા શીતળા ટંકામણા તથા ચેપી રોગોને કારણે થયેલા મરણનાં કેસને લગતા રજીસ્ટરો રાખવા.

(૯)શીતળા ટાંકવા અંગેનાં સરકારના તમામ નિયમનો અને હુકમનું પાલન કરવું.

(10)ચેપી રોગ ગ્રસ્ત વિસ્તારની બરાબર સફાઈ કરવા અને તેને જંતુ મુક્ત કરવા માટે ગોઠવણ કરવી અને જ્યાં આ કેસ બનેલ હોય તે તમામ જગ્યાઓ ચુનાથી ધોળવી.

(11)મળમૂત્ર તથા કચરામાંથી વધારેમાં વધારે મિશ્ર ખાતર તૈયાર કરવાની વ્યવસ્થા કરવી અને તે કામ ઉપર દેખરેખ રાખવી.

(12)મ્યુનિસિપલ દવાખાના, પ્રસૂતિગૃહો, કુટુંબ નિયોજન કેન્દ્રો અને બીજી તબીબી તથા આરોગ્ય સંસ્થાઓની પખવાડિક તપાસ કરવી.

સેનેટરી ઈન્સ્પેકટર:-

(1)સાર્વજનિક સંડાસોની દેખરેખ રાખવી શહેરની મોરીઓ ગટરો અને ખાળકૂવા માટે યોગ્ય ડેપો અને ઠાંકળાઓ પ્રબંધ કરવામાં આવે છે તે જોવું અને સમારકામ કરવાનું બદલાવનું અથવા નવી બાંધવાની જરૂર હોય તેવી ગટરો આરોગ્ય અધિકારીના ધ્યાન ઉપર લાવવી કોઈ મકાન અથવા જમીનમાં કે તેની સંડાસો અને ખાળકૂવા નો પૂરતો પ્રબંધ કરવામાં આવે છે તે જોવું અને આવા સંડાસો અને ખાળકૂવા યોગ્ય રીતે બાંધ્યા રહે તેના સમારકામ કર્યા છે અને સ્વસ્છ રાખ્યા છે તે જોવું.ઉપદ્રવ થતો અટકાવવા, ભેગો થયેલ અસ્વસ્છ બંધિયાર પાણી અંગે આરોગ્ય અધિકારીનું ધ્યાન ખેચવું રસ્તા અને ખુલ્લી જગ્યાઓમાં ગંદકી અને કચરો ભેગો થતો અટકાવવો. ગંદા રહેવા લાયક ન હોય તેવા ખાલી તેમજ ઉપદ્રવકારક મકાનો આરોગ્ય અધિકારીના ધ્યાન ઉપર લાવવા. રસ્તા પર પાણી છાંટવાનું અને સફાઈ કામ અને કર્મચારીઓની સેવા ઉપર દેખરેખ રાખવી અને નગરપાલિકાના અધિનિયમ નગરપાલિકા નિયમો અને ઉપનિયમની આરોગ્ય રક્ષક અંગેની જોગવાઈઓના અમલ કરવામાં આરોગ્ય અધિકારીને સામાન્ય રીતે મદદ કરવી.

(2)દરેક સેનેટરી ઈન્સ્પેકટર પોતાના હાથ નીચે કામ કરતા કાયમી અને હંગામી કર્મચારીઓનું હાજરીપત્રક રાખવું અને ડાયરી પીણ રાખવી જે આરોગ્ય અધિકારીને મુદ્દતે મુદ્દત સદર કરવી.

મ્યુનિસિપલ ઇજેનેરની ફરજો:-

(1)તેણે નગરપાલિકાના તમામ જાહેર કામોના પ્લાન અને અંદાજો તૈયાર કરવામાં અને પ્લાન અને સ્પેસિફિકેશન પ્રમાણે કોન્ટ્રાકટર ધ્વારા અથવા પબ્લિક વર્કસ કમિટીના અધ્યક્ષની સૂચના તળે ખાતા ધ્વારા આવા તમામ કામ કરાવવા.

(2)આવા કામ માટેના માલ સમાન અને મજૂરીના યોગ્ય રીતે તૈયાર ફ તપાસવામાં આવે છે તે તેણે જોવું અને આવા તમામ બિલો ઉપર સામી સહી કરવી અને તે બરાબર છે તે બાબત પ્રમાણિત કરવી.

(3)આવા કામ માટે પૂર્ણતાનું પ્રમાણપત્ર તેણે તૈયાર કરવું અને પબ્લિક વર્લ્સ કમિટીના અધ્યક્ષ સક્ષમ તે સાદર કરવું

(4)પૂર રક્ષણ કામની મરામત માટે તે જવાબદાર રહેશે અને પુરના સમયે તેના ઉપર સંભાળપૂર્વક દેખરેખ રાખશે. આગ વખતે તેણે હજાર રહેવું અને શક્ય તેટલી મદદ કરવી.

(5) દરેક અંગેજી વર્ષ પૂરું થયેથી તેણે ચાલુ વર્ષના અંદાજપત્રોમાં જોગવાઈ કરવામાં આવેલ દરેક મૂળ કામની પ્રગતિ દર્શાવતો રિપોર્ટ પબ્લિક વર્કસ કમિટી મારફત નગરપાલિકાને સાદર કરવો.

<u>મ્યુનિસિપલ અધિકારીઓ અને નોકરોની સામાન્ય ફરજો :-</u>

(૧) આ નિયમો જણાવેલી ફરજો ઉપરાંત તમામ મ્યુનિસિપલ અધિકારીઓ અને નોકરોએ મુખ્ય અધિકારી અથવા તેમના તુરતના ઉપરી અધિકારી તેમને વખત સોપે તેવી ફરજો બજાવશે.

(૨) આઉટડોર કામગીરી બજાવનાર દરેક અધિકારી અથવા નોકરે ચોપડામાં ડાયરી રાખવી અને નિયત સમયે અથવા માંગવામાં આવે ત્યારે તેના વડા અધિકારી સમક્ષ તેણેતે રજુ કરવી.

સ્ટોરકીપરની ફરજો :-

(૧) સામાન્ય માલ સામાન (સ્ટોર) પુરો પાડવા માટે મુદ્દતી કરારો અને છાપકામ માટે સમયસર વયવસ્થા કરવી અને જાણીતી પેઢીઓ પાસેથી અને જરૂરી હોય ત્યાં જાહેર વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપીને ખાસ માલસામાન માટે ભાવપત્રકો અથવા ટેન્ડરો મંગાવવા.

(૨) સ્ટોકમાં રાખવાની જરૂરી વસ્તુઓનું પત્રક સાદર કરવું અને માલસામાન માટેની પેશગીમાંથી તેની ખરીદી માટે ભાવપત્રકો અથવા ટેન્ડર મેળવવા.

(૩) કરારો મંજુર કરવામાં આવે તે પછી તુરત કરારના કાગળો ઉપર સહી સિક્કા કરવા અને તેના સંબંધમાં વિગતો પૂરી થઈ છે તે જોવું.

(૪) ખાતાના સ્ટાફ કામ નિયંત્રણ અને દેખરેખ રાખવી અને હિસાબના તમામ ચોપડા ખાતાવહી વગેરે યથાવત રાખવામાં આવે છે.તે જોવું.

(૫) જરૂરી તમામ ચીજ વસ્તુઓના બજાર ભાવોથી વાકેફ થવું અને બજારમાંથી કરવાની તમામ અગત્યની ખરીદી માટે તેણે જાતે બજાર માં જવું .

(૬) જુદા જુદા ખાતાના ડેડ સ્ટોકનું રજીસ્ટર અધતન રાખવું .

(૬) સ્ટોર વિભાગના કાર્ય સંચાલન માટે જનરલ બોર્ડ વખતો વખતોવખત અપનાવે તેના ખાકીય નિયમો અનુસાર સામાન્ય રીતે કામ કરવું .

(૭) મુખ્ય અધિકારી તે હેતુ માટે નિર્દિષ્ટ કરે તે અધિકારીની દેખરેખ હેઠળ બિન ઉપયોગી માલ સામાન સ્વીકારવો અને યોગ્ય મંજુરી મેળવી તેના વેચાણ માટે ગોઠવણ કરવી

(૮) સ્ટોર વિભાગના કાર્ય સંચાલન માટે જનરલ બોર્ડ વખતોવખત અપનાવે તેના ખાતાકીય નિયમો અનુસાર સામાન્ય રીતે કામ કરવું.

(૯) મોટર મીકેનીક અને ફાયર સુપ્રિટેન્ડર મોટર વાહનોનિ રાખે તેની દેખરેખ રાખવી.

(૧૦) વાહનો અને નગર પાલિકાના મકાનોના વીમા ઉતરવવા.

અધિનિયમની કલમ ૨૭૧ ના ખંડ(ઇ) હેઠળ નગર પાલિકાના અધિકારીઓ અને નોકરોને સામાન્ય માર્ગદર્શન આપવા બાબત .

(૧) મેડિકલ ઓફિસરની ફરજ :- દવાખાનાઓનું સંચાલન કરશે.

(૨) સમાજ સંગઠક :- સુવર્ણ જયંતિ રોજગાર યોજના,બીપીએલ કાર્ડ , સરકારશ્રી તરફ વખતો વખત જાહેર થતી યોજના અમલીકરણ કરાવશે.

(૩) સીટી એન્જી. :- ટાઉન પ્લાનીગ એકટ મુજબ નગરના વિકાસના કામોનું આયોજન , અમલવારી

મિટિંગોનું આયોજન કરશે

(૪) આસિસ્ટન્ટ સીટી એન્જી. :- નગર પાલિકામાં શહેર વિસ્તાર માં બાંધકામ અંગેની પરવાનગીઓ, દબાણો ઉપર સીટી . એન્જી. જણાવે તે મુજબ ફરજ બજાવશે .

(૫) ફાયર સુપ્રિન્ટેન્ડન્ટ :- અગ્નિશામક સેવાને લગતી કામગીરીની ફરજો બજાવશે

(૬)મિકેનીકલ એન્જીનીયર :- પાણી પુરવઠાને લગતી કામગીરીનું સુપરવીઝન તેમજ પાણીના પ્રોજેકટોના એસ્ટીમેઇટ બનાવવા વિગેરે ફરજો બજાવશે.

(૭) શીફટ એન્જીનીયર :- નગર પાલિકાના વોટર વર્કસ ખાતાના પમ્પો ઇલેક્ટ્રીક સામાનોની મેઇન્ટેનન્સની તમામ ફરજો બજાવશે.

(૮) શોપ્સ ઈન્સ્પેકટર :- બોમ્બે શોપ એકટમાં નિર્દેશ કરેલ નિયમોને આધોન રહી અમલીકરણની ફરજો બજાવશે.

(૯) ટેક્ષ રીકવરી સુપ્રિં. :- નગર પાલિકાના જુદા જુદા ખાતાના બાકી વેરાઓની વસુલાત જપ્તી તેમજ ટેક્ષની લગતી બાબતો નું નિયંત્રણ અને તેમુજબ ગુજરાત નગર પાલિકાના

(૧૨) ઇલેક્ટ્રીક સુપર વાઇઝર :- નગર પાલિકા શહેર વિસ્તારમાં આવેલી જુદી જુદી સ્ટ્રીટ લાઈટોના મેઇન્ટેનન્સની જવાબદારી મુજબ ફરજ બજાવશે.

(૧૩)ઓવર શીયર :- મ્યુનિ. એન્જી. ના સિધી દોરવણી હેઠળ તેઓ જે કામગીરી સોપે તે મુજબ ફરજો બજાવશે. નવા એસ્ટીમેટો બનાવશે. નવા એસ્ટીમેટો બનાવશે.નવા પ્રોજેકટો બનાવશે.

(૧૪) મહેક :- મહેકમમાં નગર પાલિકાના કાયમી કર્મચારીઓની સેવાપોથી ઓ, રજાઓ તથા અન્ય બાબતો ફરજ બજાવશે.

નગર પાલિકા કચેરીના વડા મુખ્ય અધિકારી રહેશે . જેઓ જે તે કર્મચારી ઓને જણાવે તે મુજબ ફરજો બજાવવાનિ રહશે.

પ્રકરણ -૪

નિયમ સંગ્રહ -૩

કાર્યો કરવા માટેના નિયમો, વિનિયમો ,સૂચનાઓ ,નિયમસંગ્રહ અને દફતરો :-

(૧) મુખ્ય અધિનિયમ :- ગુજરાત નગર પાલિકા અધિનિયમ ૧૯૬૩

બોમ્બે મ્યુનિસિપાલ .ધી -: નાણાંકીય અધિનિયમ (૨)

(૩) સંબંધિત અધિનિયમો -:

- મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ -૧૯૪૮
-ગુજરત ફરજિયાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ -૧૯૬૪
- ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ -૧૯૬૨
-ગુજરાત લોકલ ફંડ ઓડિટ અધિનિયમ – ૧૯૬૩
- ગુજરાત વેચાણ વેરા અધિનિયમ -૧૯૬૩
-ગુજરાત જાહેર જગ્યાઓ (અનધિકૃત ભોગવટો કરનારાઓ પાસેથી ખાલી કરાવવા) બાબતનો અધિનિયમ -૧૯૭૨
-ગુજરાત ગંદા વસવાટ(વિસ્તાર સુધારણા નાબુદી અને વિકાસ) અધિનિયમ -૧૯૭૩
-ગુજરાત શહેરી વિકાસ અને નગર રચના અધિનિયમ -૧૯૭૬
- ગુજરાત મ્યુનિ.નાણાં બોર્ડ અધિનિયમ -૧૯૭૬
- પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યો ગેરલાયક ઠરાવવા માટે જોગવાઈ કરતો અધિનિયમ૧૯૮૬
-ઔધોગિક વિવાદ અધિનિયમ -૧૯૭૬
- ગુજરાત ગંદા વસવાટ અધિનિયમ -૧૯૭૩
- પાણી (પ્રદુક્ષણ,નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ -૧૯૭૪
-પર્યાવરણ સુરક્ષા અધિનિયમ -૧૯૮૬ તળેના તમામ નિયમો અને જાહેરનામાઓ
-ટાઉન પ્લાનીગ નિયમ
-સરકારી અધિનિમો- ૧૯૯ ૯
- જન્મ – મરણ નોંધણી અધિનિયમ -૧૯૬૯
પ્રાણી કુરતા નિવારણ અધિનિયમ -૧૯૩૦

રૂમ નં.	ઓફિસના નામ
(૧)	પ્રમુખ
(૨)	મુખ્ય અધિકારી
(૩)	ચેરમેન
(૪)	ઉપપ્રમુખ
(૫)	સેક્રેટરી
(૬)	ટપાલ શાખા
(૭)	એકાઉન્ટન્ટ
(૮)	ઈલે.વિભાગ
(૯)	સભાખંડ
(૧૦)	ટેક્ષ વિભાગ
(૧૧)	ઈ-ગવર્નસ
(૧૨)	શોપ અને વ્યવસાય વેરો
(૧૩)	સેનિટેશન વિભાગ
(૧૪)	બંધકામ વિભાગ / ડ્રેનેજ વિભાગ
(15)	સ્ટોર વિભાગ
(૧૬)	વોટર વર્કસ
(૧૭)	સમાજ સંગઠન
(૧૮)	સીટી એન્જીનીયર

૨ **<u>પ્રમુખની કચેરીનો કામકાજ</u>** :-

(૧) કામકાજ કરવા માટે અને તેની ફરજો બજાવવા માટે અને અધિનિયમની કલમ ૪૫ ના ખંડ (બ) અને (ક) હેઠળ દેખરેખ અને નિયંત્રણની ફરજો બજાવવા માટે સવારના ૧૧-૦૦ થી સાંજના ૫-૩૦ વચ્ચે દરરોજ ઓછામાં ઓછા બે કલાક નગરપાલિકાની કચેરીમાં પેમુખે હાજર રહેવું અને તે હેતુ માટે રાખેલી ચોપડીમાં તેના હુકમો અને અગત્યની કાર્યવાહીઓ નોધવા.

(૨)પ્રમુખે નગરપાલિકાની રોજનીશી અને કમિટીના સભાની કાર્યનોધ અઠવાડીયે ઓછામાં ઓછું એકવાર તપાસવી અને તેમાં સામી સહી કરવી.

(૩) નગરપાલિકા વતી અથવા તેને લગતો સરકાર અને નગરપાલિકા નિયામક સાથેનો તમામ પત્રવ્યવહાર જીલ્લાના કલેક્ટર મારફત પ્રમુખે ગુજરાતીમાં કરવો.

૩ **સીલ**

નગરપાલિકાએ પોતાનું સીલ પ્રમુખે તેમજ મુખ્ય અધિકારી તાળાકુચીમાં રાખવું.

૪ પ્રમુખે કોઈ દસ્તાવેજ ઉપર નગરપાલિકાનું સીલ લગાવે ત્યારે પોતાની સહી કરીને તેને તેણે અધિકૃત કરવું.

૫ નગરપાલિકાના તમામ રેકર્ડના અને તમામ હિસાબના ચોપડાને ક્રમાનુસાર નંબર આપવા અને છેલ્લે પાને પાનનો નંબર દર્શાવતો શેરા સાથે મુખ્ય અધિકારી સીલ કરવું અને મુખ્ય અધિકારીએ સહી કરવી.

૬ **નગરપાલિકાના અધિકારીઓ અને નોકરોની નાણાકીય ફરજો** :-

૧. નગરપાલિકાના કોઈપણ અધિકારી અથવા નોકરે નગરપાલિકા વતી નિયમ ૯ અનુસાર હોય તે સિવાય અન્ય રીતે કોઈપણ નાણાં સ્વીકારવા નહીં અથવા તેની પહોચ આપવી નહીં.

૨ દરેક અધિકારીની એ ફરજ છે નિયંત્રણ અધિકારી ફરમાવે ત્યારે તેણે સ્વીકારેલા નાણાં સબંધી મૂળ સ્થળ પત્રો અથવા બીજા પત્રો તેણે સોફી દેવા અને તેની પાસે હોય તે આવક નમૂનાની ચોપડી તેણે આપી દેવી.

૪ નગરપાલિકાનો કોઈ પગારદાર નોકર નગરપાલિકાના નાણાં ૨૪ કલાક કરતાં વધુ સમય માટે પોતાની પાસે રાખી શકશે નહીં પણ જમા કરાવવા નગરપાલિકાની કચેરીમાં અને આ નિયમોમાં ઠરાવેલી રીતે તેની વ્યવસ્થા કરવા તમામ નાણાં તરત જ લાવશે અથવા ભરશે.

૮ **પહોચ:-**

નાણાં સ્વીકારવા અધિકૃત દરેક વ્યક્તિને પહોચના નમૂનાવાળી છાપેલી અને ક્રમાનુસાર નંબર આપેલી સ્થળપત્રો મુખ્ય અધિકારીએ ફૂટી પાડવી અને આવી દરેક ચોપડીને આપવામાં આવે તે પહેલા તરત જ સાથે બાંધેલી અને મુખ્ય અધિકારીની હાજરીમાં તેના પાનાને સીલ લગાડવું. એ અધિકારીની ચોપડીના પાનાની સંખ્યા જણાવીને છેલ્લા પાને શેરા કરી પોતાની સહી કરશે.

૯ આવા કોઈ નાણાં સ્વીકાર્ય દરેક વ્યક્તિએ તારીખ નાંખવી અને પહોચના નમૂના પર અને સ્થળપ્રત અથવા બીજી પ્રત પર ચુકવણીના ઉત્તરોત્તર ક્રમ અનુસાર સહી કરવી અને પહોચ તરીકે બીજી પ્રત છૂટી પાડીને ચૂકવનારને આપવી અને ચુક્વનાર ને જો જરૂર લાગેતો અસલ પહોચ સ્થળપત્રો નોધો પણ બતાવવી.

૧૦ જેને આવી ચોપડી આપી હોય અને નિયમ-૧૧ હેઠળ ખાસ માફી મળી ન હોય એવી દરેક વ્યક્તિએ દરેક દિવસને અંતે તેણે સ્વીકારેલા નાણાં સહિત તે ચોપડા હિશાબનીશને પાછી આપવી. હિશાબનીશ હિશાબમા વિધિસર રીતે જમાં થાય છે તે ચોપડી રજૂ કરનાર વ્યક્તિને પાછી આપવી હિશાબનીશ પહોચબુક પાછી આપતાં પહેલા છેલ્લાં વાપરેલાં પહોંચ પર નાણાં મળ્યાની રસીદનો શેરો કરવો અને તે પહોંચબુક આપત પહેલા છેલ્લાં વાપરેલાં પહોચ પર નાણાં મળ્યાની રસીદનો શેરો કરવો અને તે પહોચનો નંબર વિધિસર રીતે હિસાબમાં નોંધાયો છે તે જોવું.

૧૧ મુખ્ય અધિકારીનો એવો અભિપ્રાય થાય છે કે ચાલુ ખર્ચ માટે જરૂરી ન હોય તેવા વધારાના નાણાં નગરપાલિકા ફંડમાં જમાં છે તો તેણે પ્રમુખને તેની જાણ કરવી અને ભારતની સ્ટેટ બેંકમાં અથવા અન્ય કોઈ રાષ્ટ્રીયકૃત બેંકમાં આવા વધારાના નાણાં વ્યાજની અનામત મૂકવા તેની મંજૂરી મેળવવી અથવા નગરપાલિકા વખતો વખત મંજૂરી કરે તે જાહેર સિક્યોરિટીઓમાં તે રોકવા.

તેવી જ રીતે મુખ્ય અધિકારીનો એવો અભિપ્રાય થાય છે કે ચાલુ જવાબદારીઓને પહોચી વળવા માટે રોકડ અપૂરતી છે તો અનામતમાંથી આવી રકમ લઈ અથવા જરૂરી હોય તે પ્રમાણે આવી સિક્યોરિટીઓનો નિકાલ કરવા પ્રમુખની તેણે મંજૂરી મેળવવી.

આવી તમામ અનામતો અને રોકાણો અનામતો પાછી લઈ અથવા લેવાનું અને જામીનગીરીઓને નિકાલ નગરપાલિકા વતી કારોબારી સમિતિએ કરવો જોઈએ અને તેમાથી ઉપસ્થિત થેઈ કંઈપણ ખોટ નગરપાલિકા ફંડ ખાતે ઉધરાવી જોઈએ.

૧૨ દરેક ભરણાની સાથે પાસબુક અને હિસાબનીશ સહી કરેલું ચલણ હોય જોઈએ. પાસબુક તરત જ પાછી આપવવામાં આવે તે અને ભરણાની પહોચ વિધિસર રીતે તેમાં રાખેલી છે તે જોવા માટે હિસાબનીશ જવાબદારી રહશે.

૧૩ દિવસનો હિસાબ બંધ થયા પછી અથવા રવિવાર અથવા રજાના દિવસે મળેલા તમમા નાણાં આગામી કામકાજના દિવસે વિધિસર રીતે હિસાબમાં લેવામાં આવે અને બેંક અથવા તિજોરીમાં ભરવામાં આવે ત્યાં સુધી નગરપાલિકા તિજોરીમાં નાણાં ભરનારે તારીખ નાંખીને સહી કરેલા ચલણ સાથે રાખવાને નગરપાલિકાની તિજોરીને સીલ હોવું જોઈએ અને ડબલ તાળાં હોવા જોઈએ અને તેની એક ચાવી હિસાબનીશ પાસે રહેવી જોઈએ અને બીજી મુખ્ય અધિકારી પાસે૪ રહેવી જોઈએ.

પ્રકરણ - ૫ (નિયમ સંગ્રહ - ૪)

નગરપાલિકા સભ્યોની આધિકાર, ફરજો અને જવાબદારી

(૧) નગરપાલિકાનાં ચૂટાયેલા સભ્યો પોતાનામાથી પ્રમુખ અને ઉપપ્રમુખની પસંદગી ચુંટણીના નિયમો મુજબ કરશે. (કલમ – ૩૧)

(૨) દરેક સભ્યને નગરપાલિકાની બેઠકમાં ભાગ લેવાનો અધિકાર છે અને મતદાનના પ્રસંગે બેઠકમાં પોતાનો મત આપવાનો અધિકારી પણ તે ધરાવે છે.

(૩) ઓછામાં ઓછા એક ચતુર્થાંશ સભ્યો નગરપાલિકાની બેઠક બોલાવવાની લેખિત માંગણી કરી શકે છે.

(૪) પ્રમુખ અથવા ઉપપ્રમુખ સામે અવિશ્વાસના પ્રસતાવની નોટિસ કોઈપણ સભ્ય આપી શકશે. નગરપાલિકાના તે વખતના સભ્યોની કુલ સંખ્યાના ઓછાંમાં ઓછા એક તૃતિયાંશ સંખ્યાના સભ્યો તે નોટિસને ટેકો આપે તો તે પ્રસ્તાવ રજૂ કરી શકશે અને નગરપાલિકા તે વખતના કુલ સભ્યોની ઓછામાં ઓછી બે તૃતિયાંશ સભ્યો બહુમતી પ્રસ્તાવ પસાર કરે તો સબંધિત હોદેદાર ત્રણ દિવસની મુદ્દત પછી હોદ્દો ધરાવતો બંધ થશે. (કલમ-૩૬)

(૫) નગરપાલિકાના સભ્યો પોતાનામાથી ચૂંટીને નગરપાલિકા સમિતિ જેવી કે કારોબારી સમિતિ, મંત્રણા સમિતિ અને બીજી સમિતિઓની રચના કરી શકશે. અને આવા સભ્યો પોતાની ફરજો નિયમોનુસાર બજાવશે .

(૬) નગરપાલિકાનો કોઈ ઠરાવત્રણ મહિનાની અંદર સુધારવો હોય કેઇ રદ કરવો હોય તો ઓછામાં ઓછાં અડધા સભ્યો ટેકો કરેલો હોવો જોઈએ અને તે સામાન્ય સભામાં બહુમતી પસાર કરવો જોઈશે. પરંતુ ત્રણ મહિના પછી એવો ઠરાવ રાબેતા મુજબની પ્રક્રિયાથી સુધારી શકાય કે રદ કરી શકાય. (કલમ-૫૧ (૧૨)

(૭) નગરપાલિકાના દરેક સભ્ય ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૨૧ ણા અર્થ પ્રમાણે રાજ્ય સેવક ગણાશે. (કલમ- ૭૩)

(૮) નગરપાલિકા સાથેના કરારમાં ગેરકાયદેસર હિત કે ભાગ જે સભ્યો ધરાવે તે ફોજદારી કોર્ટ સમક્ષ દોષિત ઠરેથી એક હજાર રૂપિયા સુધીના દંડને પાત્ર થશે. (કલમ-૭૨)

(૯) જો કોઈ સભ્ય નગરપાલિકાણા કોઈ ફંડનો ગેરઉપયોગ કરવામાં સામેલ હતો અથવા તે ગેરઉપયોગ સભ્યની ગેરવર્તણુંક અથવા ભારે ગફ્લતનું સીધું પરિણામ છે. તેવું નક્કી થાયતો નગરપાલિકાને ભરપાઈ કરવા માટે જરૂરી હોય તેવી રકમ સભ્ય પાસેથી વસુલ કરવામાં આવશે. (કલમ-૭૦)(૨))

(૧૦) પરંતુ, નગરપાલિકાની વતી કરેલા કરાર અથવા ખર્ચ સબંધમાં સભ્ય અંગત રીતે જવાબદાર ગણાશે નહી. . (કલમ-૭૦)(૧))

(૧૧) કોઈ વ્યક્તિ પોતાના સભ્ય પદ દરમ્યાન પોતાની રુઇએ ફરજ અદા કરવામાં પગલાં લેતી વખતે કોઈ ગુનો કર્યો હોવાનો તેની સામે આરોપ હોય ત્યારે રાજ્ય સરકારની પૂર્વ મંજુરી વિના તેવો ગુનો કોઈપણ કોર્ટ ધ્યાનમાં લેશે નહી. (કલમ -૨૫૪)

નગરપાલિકા અધિનયમ ૧૯૬૩ અન્વયે જાહેર થયેલ નિયમોની યાદી

૧. ગુજરાત નગરપાલિકા પ્રમુખ અને ઉપપ્રમુખ ચુંટણી નિયમો ૧૯૬૪

૨. ગુજરાત મ્યુનિસિપાલિટીણા ઢોર અને ડબા નિયમો ૧૯૬૫

૩. ગુજરાત નગરપાલિકા જાહેર સત્કાર સમાંરભ, મનોરંજન અથવા પ્રદર્શન અંગેના ખર્ચ બાબતના નિયમો ૧૯૬૫

૪. ગુજરાત નગરપાલિકા બાકી રકમો ભરપાઈ કરવા માટેની ખાસ નોટીસ બજાવણી બાબતના નિયમો ૧૯૬૫

૫. ગુજરાત નગરપાલિકા (ઢોર વેચવાની રીત બાબતના નિયમો)૧૯૬૫

૬. ગુજરાત નગરપાલિકા (મતદાર યાદી ભાગ – ૨ બનાવવા અને સાચવવા બાબતના)નિયમો ૧૯૭૮

૭. ગુજરાત નગરપાલિકા (જમીન મહેસુલ અને પાણીના દરોના ઉપરના) સ્થાનિક શેષ ઉધરાવવા ખર્ચ બાબતના નિયમો ૧૯૭૯

૮. ગુજરાત નગરપાલિકા (ચુંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ (જેમાં ૧૯૯૯ માં સુધારા પણ થયા છે)

૯. ગુજરાત નગરપાલિકા મતદારોની નોંધણી) નિયમો, ૧૯૯૪.

૧૦. મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતણા નિયમો, ૧૯૯૪.

૧૧. ગુજરાત નગરપાલિકા (અનુસુચિત જાતિ, આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા) બાબતના નિયમો, ૧૯૯૪ અને ૧૯૯૫ (બને અલગ છે)

૧૨. ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (ભરતી, સમાવેશ અને સેવાની શરતો) નિયમો, ૧૯૯૫.

૧૩ મ્યુનિસિપલ સોલીડ વેસ્ટ (મેનેજમેન્ટ એન્ડ હેન્ડલિંગ) કેન્દ્રીય નિયમો ૨૦૦૦.

પ્રકરણ-૫

નગરપાલિકા માટેનું નાગરિક અધિકારપત્ર

1. નગરપાલિકા ની કચેરીઓ અને શાખાઓ કામકાજના દિવસોમાં સવારે 10-30 થી સાજે 6-10 સુધી કુલલી રહેશે.
2. કચેરીમાં આવતા તમામ અરજદારોને જે તે અધિકારી સાથે મુલાકાતનો અધિકાર રહેશે.
3. કચેરીના વડાની, કચેરીમાં હાજરી અંગે નોટિશ પ્રદર્શિત કરવામાં આવશે.
4. કોઈ પણ અરજદાર પોતાની ફરિયાદ અંગે કચેરીના વડાને રજૂઆત કરી શકે છે.

વહીવટી તંત્ર ને જુદા જુદા પ્રકરણો માટે જણાવેલ પુરાવાઓ, વિગતો સમયસર આપવી તે પ્રકારના જડપી નિકાલમાટે જરૂરી છે .

5. લેવાયેલ નિર્ણયોની સ્પસ્ટ કારણો સહ જાણ અરજદારને કરવામાં આવસે.
6. પત્ર વ્યવહાર ની ભાષા સરળ અને વિવેકપૂર્ણ રહેશે
7. વહીવટી તંત્રમાં સુધારા, કર્મચારીઓના વલણ અંગેની ફરિયાદો ઉપર ત્વરિત ધ્યાન અપાશે.
8. ગેર રીતે , અસામાજિક પ્રવુત્તિ, ભ્રસ્ટાચાર વિગેરેની માહિતી કચેરીના વડાને આપશે તો તે વ્યક્તિનું નામ તેઓ ઇચશે તો ખાનગી રાખવામા આવશે.
9. ટેલિફોન, ફેક્સ ઉપર મળેલ સંદેશાઓ ઉપર પણ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
10. સર્વે કર્મચારી,અધિકારીઓ,પ્રમાણિક્તાઓ તટસ્થ રીતે ફરજ બજાવી શકે તે માટે તેમની નિમણૂક બદલી વિગેરે બહાય હસ્તક્ષેપ ન થાય તેવી અપેક્ષા રાખવામા આવે છે.
11. નક્કી થયેલ કાયદા / નિયમો વિરુદ્ધ વહીવટી તત્ર પાસે નિર્ણય લેવડાવવામાં બહાય રીતે દબાણમાં પ્રયાશો ન થાય તેવી અપેક્ષા રાખવામા આવે છે.
12. કોઈપણ નાગરિકે સંસ્થાઓ લોકો ફરિયાદોના નિરાકરણ માટે ગોઠવાયેલી આ વ્યવષ્ઠા માં સમાયતરે સૂચનો કરી સકે છે.
13. અરજદારો, સંસ્થાઓ, જિલ્લાઓ અન્ય ખાતાના અધિકારીઓ, પદાઅધિકારીઓ, અધિકારપત્રની બાબતોના અમલમાં સહકાર આપશે તેવી અપેક્ષા છે.
14. નગરપાલિકા દ્વારા થતાં કેપિટલ કામોની વિગતો જેવી કે કામ કરનાર એજનશી, કામનો અંદાજિત ખર્ચ, સમય મર્યાદા વિગેરે કામના સ્થળે પ્રદર્શિત કરવામાં આવસે.
15. વોર્ડવાર કચેરી બહાર જાહેર જનતા જોઈ શકે તે રીતે બોર્ડપર અગત્યની માહિતી જેવીકે વોર્ડઇન્ચાર્જ, સમય મહત્વની સેવા અંગેની ફરિયાદોના નિકાલની વ્યવષ્ઠા પ્રદર્શિત કરવામાં આવશે.
16. કયું કામ કેટલા દિવશ માં થશે અને ફરિયાદનો નિકાલ ક્યારે થશે તેની સમય મર્યાદા જનાવવાની રહશે.

નગરપાલિકાનું નાગરિક સહાયતા કે સુવિધા કેન્દ્ર

(સ્વાગત કક્ષ અને માહિતી કેન્દ્ર)

નગરપાલિકાની કચેરીમાં આવતા મુલાકાતીઓ, અરજદારો, નાગરિકો અને કચેરી સાથે સંકળાયેલ વ્યક્તિઓ પોતાનું કર્યા સરળતાથી અને જડપથી પાર પાડી શકે તે હેતુથી નાગરિક સહાયતા કેન્દ્ર નવું નામ જનસેવા કેન્દ્)ર શરૂ (.કરવામાં આવેલ છે

આ કેન્દ્ર વ્યક્તિ સરળતાથી પોતાના કામની રજૂઆત, વિગતો અરજીઓ રજૂ કરી શકશે અને જોઈતી માહિતી, મદદ તેમજ માર્ગદર્શન પ્રાપ્ત કરી શકશેજેથી જરૂરી માહિતી .માહિતી કેન્દ્ર કોમ્પ્યુટરાઈજ હોવું જોઈએ . અનુભવી અધિકારીએ જ આ .સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે કામગીરી સંભાળવી જોઈએઆ કેન્દ્ર અરજદારો અને . .વહીવટી તંત્ર વચે કડીરૂપ બનશે

1. અરજદારની અરજીઓ આ કેન્દ્ર ઉપર સ્વીકારવામાં આવશે અને તેની પહોચ પણ આપવામાં આવશે.
2. ફોર્મ સાથે અરજદારોએ રાખવાના પુરાવા, ફી ની વિગતો અને જરૂરી માર્ગદર્શન આ કેન્દ્ર પૂરું પાડશે.
3. સરકારના વિવિધ ખાતાઓ હસ્તકની પાલિકામાં ચલતી વિવિધ યોજનાઓની વિગતવાર માહિતી આ કેન્દ્ર દ્વારા નાગરિકોને પૂરી પાડવામાં આવશે.
4. પોતાના પડતર કામોની તપાસ માટે આવતા અરજદારોને તેમના કર્યાની પ્રગતિની માહિતી આ કેન્દ્ર દ્વારા પૂરી પાડવામાં આવશે. અરજદારે વિવિધ શાખાઓમાં જવાની જરૂરિયાતો રહેશે નહી.
5. અરજદારોની અરજીઓની દૈનિક આવક-જાવક અને નિકાલ અંગેની માહિતી આ કેન્દ્ર સભડિત આદિકરી તરફથી કચેરીના વડાને પૂરી પાડવામાં આવશે.
6. અરજદારો દ્વારા ટપાલ મારફતે મોકલવામાં આવતા પત્ર / અરજીઓ પણ સ્વીકારી પહોચ પથવામાં આવશે.
7. જે તે પાલિકાઓ પ્રસિધ કરેલ નાગરિક અધિકાર પત્ર મુલાકાતીઓ વાચી શકે તેવી વ્યવષ્ઠા રહે છે.
8. નાગરિકો ટેલિફોન દ્વારા પણ આ કેન્દ્ર પરથી જરૂરી માહિતી મેળવી શકેશે. (અહી નગરપાલિકાના જનરલ, તંત્ર અગત્યના તેમજ પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીના તેમજ વોટર વર્ક્સ, સેનેટેશન, ફાયર બ્રિગેડ અને અન્ય ઇમરજનશી સેવાઓ વગેરેના ટેલિફોન અને ફેકસ, કચેરીના તેમજ રહેઠાણના નબરો જણાવવાના હોય છે.)

   નાગરિકા સહાયતા કે સુવુધા કેન્દ્રો વશતાવમાં સક્રિય રીતે કામ કરતાં હોવા જોઈએ .

   હવે તો, સરકાર દ્વારા રાજ્યની તમામ પાલિકાને નાગરિક સુવિધા કેન્દ્રીથિ સજજ "ગવર્ન્સ-ઇ" .કરવામાં આવેલ છે.

અંકલેશ્વર નગરપાલિકા અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસે ના દશતાવેજોની કક્ષાઓ અંગેનું પત્રક.

ક્રમ	દસ્તાવેજની કક્ષા	દસ્તાવેજનું નામ અને ઓળખાણ	દસ્તાવેજ મેળવવાની કર્યા પદ્ધતિ	દસ્તાવેજ નિયંત્રણ અધિકારીઓનો હોદ્દો
૧		ઠરાવની નકલો	નિયત ફી ભરી અરજી કરેથી	રેકર્ડ શાખા
૨		જન્મ મરણની નકલો-	“	“
૩		નકશાની નકલો	”	“
૪		જાહેર દશતાવેજોની નકલ	”	”

<u>નાગરિક અધિકાર પત્રો અંગે</u>

છે નગરીક અધિકાર પત્ર શું (ક)?

ટૂકમાં નાગરિક અધિકાર પત્ર એ વહીવટી તંત્રને પ્રત્યેક કક્ષાએ જવાબદારપ્રણ, પારદર્શક અને લોકભિમુખ બનાવવાની દિશામાં કેન્દ્ર તથા રાજ્ય સરકારો દ્વારા કાર્યનીવિત કરવાની યોજના છે. સરકાર તેમજ સ્થાનિક સંસ્થાઓનો વહીવટ લોકોના સીધા કે આડકતરા કરવેરાની આવકમથી ચાલતો હોય, વહીવટીમાં લોકોની ભાગીદારી અનિવાર્ય છેઅને તેથી તંત્રનો ., નાગરિક સાથેનો વ્યવહાર મિત્રતાપૂર્ણ અને પારદર્શક તેમજ માહિતી પ્રાપ્ત કરવાનો લોકોને અધિકાર છેજેથી આજાદી પછી પ્રથમ વખત સરકારી તંત્ર ના વિવિધ ખાતાઓની . અને .નાગરિક અધિકાર પત્રો આપવામાં આવેલ છે કામગીરી સામે લોકોનું અધિકાર છે તેની જાણકારી માટે શૂધ નાગરિકોના અધિકાર સામે, પ્રમાણિક અને જડપી વહીવટ દ્વારા લોકસેવામાં સુધારણા લાવીને વહીવટને લોકોભિમુખ બનાવવાની દિશા માં આ એકમાત્ર અસરકારક અને સમક્ષ વહીવટ માટેનું મધ્યમ અને સાધન છેજેને . .શિલાલેખ ગણી સકાય સ્વમાનનો-સામાન્ય માનવીના હક

– નાગરિક અધિકાર પત્રના ઉદ્દેશો (ખ)

પ્રજાકીય જાહેર વહીવટમાં પ્રત્યેક પ્રજાજનને સરકારના અને સ્થાનિક સંસ્થાના કાર્યક્રમો અંગેની બાબતો જાણવાનો હક્ક છેહક્ક અને ફરજ સિક્કાની બે બાજુઓ .પ્રજાની પણ સરકારના તંત્ર પરત્વે કેટલીક ફરજો હોય છે . .છે

નાગરિક તરીકે નાગરિકે પોતાના અધિકારો જાણવા જોઈએ અને માહિતી મેળવવી જોઈએ.

જાગૃતિ નાગરિક તરીકે અધિકારોને જાણીને .જાહેર વહીવટમાં માહિતી મેળવવાનો દરેકને હક્ક છે .માહિતગાર થઈને તેમજ હક્કો ભોગવીને અને ફરજો અદા કરીને હમેશા જાગૃતતા રાખવી જોઈએ

આદર્શને વરેલી લોકશાહી સાશન પ્રણાલીમાં નાગરિકો મહત્વપૂર્ણ અંગ કલ્યાણ રાજ્યના છેઆજના સતત . ગતિશીલ યુગમાં સરકારી વહીવટ તેમજ સ્થાનિક સંસ્થાઓ પ્રત્યે લોકોનો વિશ્વાસ પ્રતિસ્પદન કરવા અને ,વિષવાશને વધુ મજબૂત કરવા અને જાણવવા માટે તેમજ વહીવટી તંત્રને વધુ ગતિશીલ લોકોભિમુખપારદર્શક , ચેતનવંતુ અને તીવ્ર અસરકારક બનાવવાવ માટ ,ન્યાયપૂર્ણ ,ન્યાયિકે નાગરિક અધિકાર પત્રનો આદર્શ વિચાર સ્વીકારીને સરકારે રાજ્યના પ્રત્યેક ખાતા કચેરીઓમાં અને પાલિકામાં નાગરિક અધિકાર પત્રો પ્રશિદ્ધ કરાવ્યા છે .

જે આજના યુગમાં ,ન્દ્રો ઉભા કરાવ્યા છેસુવિધા કે/અને લોકોની સુવિધા અને સગવડ માટે કચેરીઓમાં સહાયક સમયસરનું અને આવકાર્યપગલું છે .

નાગરિક અધિકાર પત્રો પ્રશીદ્ધ કરવાનો મુખ્ય આસાય નાગરિકો પોતાના અધિકારો વિષે સંપૂર્ણપણે વાકેફ જાગૃત બને અને યોગ્ય સમયે તેમના અધિકારો સ્વમાંનભારે ભોગ્વીશાકે અને તે રીતે સાચા અર્થ માં ,થાય માર્ગદર્શન બની રહે તે-વહીવટી તંત્ર લોકોના અધિકારીનું પ્રહરી છે .

નાગરિકો તેમની વિવિધ પ્રકારની આવશ્યકતાઓ અને મુશ્કેલીઓ અંગે યોગી સ્થરે અને યોગ્ય અધિકારીને રજૂઆત કરી સકે અને તેમાં તંત્ર મદદરૂપ કરી સકે તે માટે નાગરિક સુવિધા કે સહાયક કેન્દ્રો ઉપયોગી છે.

વિશાર વહીવટી તંત્રમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગો , ત્રણે સ્તરની પંચાયતો , બોર્ડ , નિગમો વગેરેની કામગીરી સુ છે ?કયા કામ માટે ક્યાં રજૂઆત કરવી. કોને કરવી,અને કેવી રીતે કરવી અને ચોક્કસ કામગીરી પૂણ કરવા માટેનો સમયગાણો સુ છે તેની જાણકારી નાગરિકોને મણિ સકે તે અર્થે વહીવટી તંત્ર અને લોકો વચ્ચે માર્ગદર્શન આપતો પથદર્શક સેતુ એટ્લે નાગરિક સહાયતા કેન્દ્ર .

નાગરિક અધિકાર – પત્રો અને તેની સાથે સાથે નાગરિક સહાયક કેન્દ્રો એક સારો અભિગમ છે. અરજદાર કે સામાન્ય પ્રજાજને કોઈ પણ કચેરીની કોઈપણ શાખામાં પરભારે ન જતાં નાગરિક સહાયતા કેન્દ્ર પર જઈ કેન્દ્રમાં કામ કરતાં જાણકાર અધિકારીઓએ , કર્મચારીઓ અને તેની મુશ્કેલી કે પ્રશ્ન જણાવે અને રજૂઆત કરે અને કેન્દ્રના અધિકારી કર્મચારી અરજદારને શાંતિથી સૌજન્યપૂર્વક સાંભરી અરજદારને જોઈતી માહિતી અને માર્ગદર્શન આપે અને તેના પ્રશ્નો કે રજૂઆત અંગે અરજીના ફોમ કે નમૂના વગેરે આપે , તે અંગે સાચું માર્ગદર્શન પણ આપે , નાગરિકને જરૂરત હોય તો અરજી લખવાની બાબતમાં મદદરૂપ બને , અરજી સાથે શું સાધનિક કાગણો જોઇયે અને અરજીના નિકાલ કેટલા સમયમાં થસે વગેરે માહિતી પણ આપે , અરજી સ્વીકારે અને પોહંચ આપે વગેરે કામગીરી અને ફરજ સહાયક કેન્દ્રોની છે.

વહીવટી તંત્રમાં પારદર્શિતા અને પ્રમાણિકતા , લોકો સાથેનો મિત્રતાપૂણ વ્યવહાર અને માનવીય અભિગમ તેમજ લોકોની રજૂઆતોની ઝડપી અને ન્યાય પૂર્ણ નિકાલ થાય તે અપેક્ષાઓ પર પાડવાના ઉદ્દેશોથી આ વ્યવ્શથાઓ ગોઠવાય છે .

દરેક મૂલકાતી કે અરજદારને તેમના પ્રશ્નો , મુશ્કેલીઓ ,પત્ર –વ્યવહાર કે પ્રકરણો અંગે સાચી માહિતી આપવી , માર્ગદર્શન આપવું , તેમના કામ કે પ્રકરણમાં કેટલા તબબ્કા હોય છે અને તે એચએએલ ક્યાં તબક્કે છે અને તેનો આખરી નિકાલ ક્યારે થસે , તેની સમયમર્યાદા જણાવવી અને દરેક પ્રકારની કામગીરી અંગે અનુસરવાની નિયત છતાં ઝડપી કાર્યપધ્ધતી અંગે માહિતગાર કરવાનું કામ સહાયતા કેન્દ્રનું છે . આ કાર્યકમમાં નાગરિકોના સૂચનો આવકરવાની પણ જોગવાઈ છે .

લોકોના અધિકારો અને અપેક્ષાઓના સંધર્ભમાં સૌ પ્રથમ કચેરીના કામકાજનો સમય , રજાના દિવસોની યાદી ,કચેરીના વડાની હાજરી અંગેની માહિતી , કોઈપણ અરજદાર પોતાની ફરિયાદ અંગે કચેરીના વડાને સીધી રજૂઆત કરી સકે તેવી જોગવાઈ અને વ્યવ્શથા તેમજ અદના નાગરિકોની લાચારીનો ઉકેલ અને લોકો માટે લોક હિતનું શાસન વગેરે આ કાર્યકમનો લક્ષ્યાક છે .

આ કાર્યક્રમમાં અમલ ની સમયાંતર સંમીક્ષા કરવામાં આવે અને જરૂરિયાત મુજબ તેમાં ફેરફારો કરવામાં આવે તો વહીવટ સાચા અર્થમાં લોકભિમુખ , પારદર્શક , પ્રમાણિક અને ન્યાયિક બને રહેસે તેમાં શંકા નથી .

પ્રકરણ -૭ (નિયમ સંગ્રહ – ૬)

૧.નીતી ઘડતર અથવા નીતીના સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ – પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની વ્યવ્સ્થા :

- ગુજ. નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૫૧ (૬) અનુસાર અંકલેશ્વર નગરપાલિકાની સર્વોચ્ચ નીતી પડતર કરતાં ફોરમ એવી સામાન્ય સભાની બેઠક નગરપાલિકા સમક્ષ ચાલતી કોઈ તપાસ અથવા વિચારાં ખાનગીમાં થવી જોઇયે એમ પ્રમુખ સ્થાને લેનાર અધિકારીને લાગે તે સિવાય દરેક બેઠક લોકો માટે (જનતાના સભ્યો માટે) ખુલ્લી રહેશે .

- ગુજ. નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ -૫૭ ની જોગવાઇ અનુસાર ભરુચ નગરપાલિકાના ચૂંટાયેલા સભ્ય ન હોય તેવા લાયકાત ધરાવતા જનતાના સભ્યો (કોઈ પુરુષ ક સ્ત્રી) નગરપાલિકાની વિવિધ સમિતિઓમાં ચૂંટાઈ સકે છે.

- નગરપાલિકા દ્વારા શરૂ કરાયેલા શહેરની તમામ સંસથાઓના સંયુકત " સીટીઝન ફોરમ" ની બેઠકોમાં અને સેમિનારોમાં જનતાના સભ્યો નીતી ઘડતર સંબંધી સલાહ – પરામર્શ કરી સકે છે .

- જનતાના સભ્યો નગરપાલિકાની નીતી વિષયક બાબતો એ પોતાના સૂચનો " જન સંપર્ક અધિકારી " " જન માહિતી અધિકારી " કે ચીફ ઓફિસર કે પ્રમુખશ્રી / વહીવટીદારશ્રીને સીધા રજૂ કરી સકે છે .

- અધિનિયમ કલમ -૬ અનર ૭ મુજબ નગરપાલિકા જનતાના સીધી ચૂંટણી દ્વારા પસંદ કરાયેલા પ્રતિનિધિઓ (કાઉન્સિલરો) થી બનતી હોય તેઓ દ્વારા સર્વોચ્ચ નીતી ઘડતર સંબંધી નિર્ણયો લેવાય છે

૨. નગરપાલિકા કક્ષાએ નીતિઓના અમલ માટે જનતાની અથવા તેમના પ્રતિનિધિઓની સલાહ – પરામર્શ સહભાગીતા મેરવવા માટે કોઈ કાયદાકીય જોગવાઇ વીધમાન નથી . પરંતુ ગુજ.નગરપાલિકાની અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૪૯ (ખ) મુજબ નીતિઓના અમલ માટે પગલાં લેવાનો અધિકાર અને સત્તાઓ મુખ્ય અધિકારીને સુપ્રત થયેલા છે.

પરંતુ નીચે મુજબ ની કેટલીક બાબતોમાં જનતાના પ્રતિનિધિઓ સાથે અમલ સબંધી પરામર્શ કરવાની જોગવાઈ છે.

દા.ત.

ક્રમ	વિગત	અધિનિયમ ની કલમ	જનતાના પ્રતિનિધિઓની સાથે સહભાગીતા માટે થયેલ જોગવાઈ
